आन्तर्राष्ट्रिय पुष्टिमार्गीय वैष्णव परिषद्

ते हि सन्मार्ग रक्षकाः

''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

કીર્તન અને પુષ્ટિમાર્ગ

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

E-mail : drparikhp@yahoo.com

પ્રાક્કથન

બાળપણથી જ પૂ. દાદીમા એ કીર્તન તરફ વાળ્યો. પૂ. માતા-પિતાએ શાસ્ત્રીય સંગીતની તાલીમ અપાવી. પ.ભ. શ્રી નર્મદાશંકર મુખ્યાજી, પ.ભ. શ્રી નવનીતકાકા (પૂના) અને કડીના પિતાશ્રીના મોસાળ પક્ષના પ્રેમાળ પ્રોત્સાહનથી કીર્તન ગાનમાં પ્રવેશ થયો. ગો.વા. શ્રી ભગવતીપ્રસાદ શર્મા (મુંબઈ) અને ગો.વા. પ.ભ. શ્રી અનંતભાઈ ભગતે પ્રેરણાના પીયૂષનું સિંચન કર્યું. વલ્લભકુળના આશીર્વાદ મળતા રહ્યા અને કીર્તન સાહિત્યમાં વધારે ને વધારે ખેડાણ કરવાની તકો મળતી રહી. આપ શ્રીમાનોના આશીર્વાદથી શ્રીનાથદ્વારમાં અને શ્રી કાંકરોલીમાં શ્રીઠાકોરજી સન્મુખ કીર્તન કરવાની મહદ્ સેવા મળી.

આ પુસ્તકના પ્રકાશ માટે તાદૃશીજનો ગો.વા. શ્રી નાગરદાસ કાકા બાંભણીયા, ગો.વા. શ્રી વિપિન બિહારીદાસજી (સુરત) અને ગો.વા. શ્રી રમેશભાઈ પરીખ

તેમજ પ.પૂ.ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીનો હું સદાય ઋણી રહીશ.

આ પુસ્તકનું વિમોચન પ.પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)ના કરકમલો દ્વારા થઈ રહ્યું છે તે મારા માટે ધન્ય ઘડી છે. આ પળે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદ, ભરૂચ શાખાનો પણ આભારી છું.

શ્રીગુસાંઈજીની પંચશતાબ્દી મહોત્સવની ઉજવણી થવા જઈ રહી છે ત્યારે આ પુસ્તક ગીત-સંગીત સાગર શ્રી વિઠ્ઠલેશજીના યુગલ ચરણ કમલમાં નિવેદીત કરું છું.

ડૉ. પીયૂષ પરીખના
સમસ્ત વલ્લભકૂળને દંડવત્ પ્રણામ
સમસ્ત વૈષ્ણવ સમાજને ભગવદ્સ્મરણ

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	કીર્તન અને પુષ્ટિમાર્ગ	૪
૨.	કીર્તન સાહિત્યમાં ગાયનું સ્વરૂપ તથા મહાત્મ્ય	૪૬

કીર્તન અને પુષ્ટિમાર્ગ

પુષ્ટિભક્તિ માર્ગ :

પ્રભુને પ્રેમ દ્વારા પામવાનો માર્ગ એટલે જ પુષ્ટિભક્તિ માર્ગ. આ પ્રેમ નિ:સ્વાર્થ જોઈએ. આ માટે કૃષ્ણ સેવા અને કૃષ્ણ કથાની આજ્ઞા શ્રીવલ્લભે કરી છે. સેવા અને કથામાં ચિત્તનું એકાગ્ર થઈ પરોવાઈ જવું જરૂરી છે. ચિત્તની એકાગ્રતા માટે મનની પ્રસન્નતા આવશ્યક છે. મનની પ્રસન્નતા માટે પુષ્ટિભક્તિ માર્ગમાં રાગ, ભોગ અને શૃંગારને સ્થાન આપ્યું છે. શ્રીવલ્લભે શરૂ કરેલ આ પ્રકારો શ્રીગુસાંઈજીના સમયમાં અત્યંત વિકસ્યા.

કીર્તન : રાગ એટલે કીર્તન સેવા. રાગ એટલે અનુરાગ, પ્રેમ અર્થ પણ થાય. પ્રભુમાં અનુરાગ કરવા રાગ - કીર્તન સબળ સાધન છે. કીર્તનો વિવિધ રાગો તથા તાલોમાં ગવાય છે. આ રાગો ભારતીય શાસ્ત્રીય સંગીતનાં સમુદ્રમાં ઉઠતી લહેરો જેવા છે.

સંગીતનો સ્વીકાર પ્રાયઃ વિશ્વના દરેક ધર્મોમાં છે. વાદન, ગાયન, અને નર્તન કલાના ત્રિવેણી સંગમને સંગીત કહે છે. શ્રીકૃષ્ણ વેણુનાદ, ગાયન અને નૃત્ય કલામાં નિપૂણ છે. ચોસઠ કલામાં પારંગત છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી પણ ગીત સંગીત સાગર છે. આથી આપશ્રીઓએ દીનતા યુક્ત થઈ સવિનય અને સ્નેહ સભર કીર્તન ગાનનો રસ્તો બતાવ્યો. આવા ગાનથી પરાત્પર પુષ્ટિ પુરુષોત્તમ રીઝે છે.

ભક્તિમાર્ગમાં કીર્તન : ભક્તિમાર્ગના ચાર આચાર્યો છે. ચોથા આચાર્ય ભક્તિના બેતાજ બાદશાહ 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ' શ્રીવલ્લભ છે. તે પૂર્વ શ્રી રામાનુજાચાર્ય, શ્રીનિમ્બકાચાર્ય અને શ્રીમાધ્વાચાર્ય થયા. આ ત્રણેય આચાર્યોએ પોતાના ભક્તિમાર્ગમાં કીર્તન માહત્મ્ય સ્વીકાર્યું છે.

શ્રીવલ્લભે ભક્તિમાર્ગની પતાકા સમગ્ર ભારત વર્ષમાં લહેરાવી. સ્વમાર્ગમાં કીર્તન ભક્તિની એક વ્યવસ્થિત

પરંપરા પ્રસ્થાપિત કરી દીધી. સેવા દરમ્યાન કીર્તન અનિવાર્ય કરી દીધાં. દાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને માધુર્ય ભાવોથી પૂરિત પુષ્ટિભક્તિની ઉપાસનામાં રાગ અને તાલ આધારિત કીર્તન ગાનને વ્યાપક રૂપ આપ્યું, અગ્રક્રમ આપ્યો.

સેવામાં કીર્તન : કાપડના તાણાવાણાને જે સંબંધ છે તેવો જ સંબંધ સેવા અને કીર્તનનો છે. મંગળામાં શ્રી ઠાકોરજી જાગે તે પહેલાંથી જ કીર્તન ગાનનો પ્રારંભ છે. શયનની ઝાંખી પછી શ્રીઠાકોરજી પોઢે તે બાદ પણ કીર્તન ગાન પરંપરા છે.

શુદ્ધ પ્રેમ યુક્ત પુષ્ટિ ભક્તિમાર્ગમાં પુષ્ટિસ્થ પ્રભુ તેમના ગુણગાનથી શીઘ્ર રીઝે છે. આ કીર્તનોમાં ઈશ્વરનું માહાત્મ્ય તથા ગુણગાન સર્વાધિક છે. આમ પ્રભુ પ્રસન્નતા માટે કીર્તન સર્વાધિક માધ્યમ છે.

સન્મુખ સેવામાં આ કીર્તનગાન અને ગાયેલું સાંભળવાનું આથી નવધા ભક્તિમાંની કીર્તન અને શ્રવણ

ભક્તિ સિદ્ધ થાય. અનોસરમાં ગાન કરતાં સ્મરણ ભક્તિ બની જાય છે.

કીર્તન એટલે શું ? : આ મર્યાદામાર્ગી કીર્તન ભક્તિ નથી. પુષ્ટિમાર્ગમાં કીર્તન શબ્દના બે અર્થ કર્યા છે. (૧) પદ સાહિત્ય, (૨) પદ ગાન. કીર્તન શબ્દને કીર્તિ સાથે સંબંધ છે. પ્રભુની કીર્તિનું અને લીલાનું વર્ણન જેમાં છે તેવી કૃતિઓ પદ સાહિત્ય છે અને તેનું ગાન તે પદગાન છે, કીર્તન છે.

પુષ્ટિ સંપ્રદાયના ઉદ્‌ભટ વિદ્વાન શ્રીલાલુ ભટ્ટજીના મતે પુરાણ પુરુષ શ્રીહરિનાં અનંત નામો, દિવ્ય લીલા અને સ્તોત્ર વગેરેનું શ્રદ્ધાપૂર્વક કથન એટલે કીર્તન.

પંચમ વેદ, પંચમ પુરુષાર્થ અને પંચમ વર્ણ : પુષ્ટિ સંપ્રદાયમાં કીર્તનો પંચમ વેદ છે. શ્રીવ્યાસજીએ એક વેદના ચાર વિભાગ કર્યા. ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ વેદ. વેદ સાહિત્યના સર્જક પરબ્રહ્મ કૃષ્ણ છે. ઋષિઓએ તો સમાધિમાં તેનું દર્શન કર્યું છે.

કીર્તનો પણ શ્રીપ્રભુએ ભક્ત કવિઓના હૃદયમાં બિરાજીને ભક્તો પાસે કરાવ્યા છે. પ્રભુ રસાત્મક છે. રસનાં બે સ્વરૂપ ધનીભૂત અને દ્રવીભૂત. શ્રીપ્રભુ રસનું ધન સ્વરૂપ છે. કીર્તનથી હૃદયમાં રસ પ્રગટે છે. તેથી તે પ્રભુનું દ્રવીભૂત સ્વરૂપ છે. આમ ભગવદ્ રસપાન રૂપ સેવા અને કીર્તન સેવાથી થાય છે.

શાસ્ત્રોએ જીવના ચાર પુરુષાર્થો બતાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પુષ્ટિસ્થ ભક્તો માટે આ ચાર ઉપરાંત પુષ્ટિસ્થ પ્રભુની ભક્તિ કરવા રૂપ પાંચમો પુરુષાર્થ પણ છે.

શ્રીગીતામાં જીવ સૃષ્ટિના ચાર પ્રકારો શ્રીકૃષ્ણ કહે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. પુષ્ટિ સંપ્રદાયનો જીવ આ ચાર વર્ણમાંથી કોઈપણ હોય પણ શ્રીમહાપ્રભુજીએ તેમને પંચમ વર્ણ (ભક્ત)માં સ્થાપ્યા છે.

આમ પંચમ વર્ણના જીવનો પાંચમો પુરુષાર્થ સિદ્ધ

કરવા પંચમ વેદ પરમ અને ચરમ સાધન છે. અહીં સ્વર, ઈશ્વર સુધી લઈ જાય છે.

પુષ્ટિમાર્ગીય કીર્તન શૈલી : આ ધ્રુપદ અંગની શૈલી છે. તે ભારતીય સંગીત શૈલીનું જ અંગ છે. આને દેવાલયો તથા રાજ્યોનો આશ્રય મળેલો તેથી તેનો ખૂબ વિકાસ થયો. પંદરમી સદીમાં (શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીનો સમય) વિકાસ ક્રમ ઝડપી બન્યો.

ધ્રુપદ શૈલીની ચાર શાખાઓ છે. (૧) ગૌબરહારી, (૨) નૌહારી, (૩) ડાગુર અને (૪) ખંડારી. પુષ્ટિમાર્ગમાં ગૌબરહારી શાખા (વાણી)નો સ્વીકાર છે.

ધ્રુપદ શૈલી : જે કીર્તનમાં પ્રથમ મુખ પંક્તિ ધ્રવપદમાં નિબદ્ધ હોય અને પ્રત્યેક તુકના અંતે તે પંક્તિ ફરી ગાવામાં આવે છે તે ધ્રુપદ કહેવાય છે. (અનૂપ સંગીત રત્નાકર ગ્રંથ).

ધ્રુપદમાં સ્થાયી, અંતરા, સંચારી તથા આભોગ જેવા ચાર પ્રકારના ભેદથી ગાયન થાય છે. પ્રાયઃ તેમાં બે કડી

અથવા ચાર પંક્તિઓ હોય છે. જે ક્રમશઃ સ્થાયી, અંતરા, સંચારી તથા આભોગમાં રચાયેલ હોય છે. પૌરુષત્વ અને ઓજસ સભર અવાજ વાળા ગાયકોમાં તે લોકપ્રિય છે.

પુષ્ટિમાર્ગમાં ધ્રુપદ પરંપરા : શ્રીમહાપ્રભુજીના સમયથી આ પરંપરા છે. વ્રજમાં જમુનાવતા ગામ છે. ત્યાં કુંભનદાસજી રહેતા હતાં. તે શ્રીવલ્લભના શરણે આવ્યા. તે જ સમયમાં શ્રીવલ્લભે શ્રીગોવર્ધનનાથજીને શ્રીગિરિરાજજી પર પાટ પધરાવી મંદિર સિદ્ધ કરેલું. શ્રીવલ્લભે સ્વરૂપ સેવા સંત રામદાસજીને અને કીર્તન સેવા કુંભનદાસજીને સોંપી. કુંભનદાસજી આ માર્ગના પ્રથમ કીર્તનકાર બન્યા. આ માર્ગનું પ્રથમ કીર્તન પણ તેમણે જ ગાયું. શ્રીનાથજીને દંડવત્ પ્રણામ કરી બિલાવલ રાગ અને ધમાર તાલમાં ગાયું.

સાંઝ કે સાંચે બોલ તિહારે । (સ્થાયી)
રજની અનત જાગે નંદનંદન આયે નિપટ સવારે ।।૧।।
(અંતરા)

આતુર ભયે નીલપટ ઓઢે, પીરે બસન બિસારે। (સંચારી)
કુંભનદાસ પ્રભુ ગોવર્ધન ધર ભલે જુ બચન પ્રતિપારે
।।૨।। (આભોગ)

શ્રીવલ્લભ કૃપાથી કુંભનદાસજીને નિકુંજલીલાનો જે અનુભવ થયો તેનું વર્ણન અહીં છે. શ્રીવલ્લભ તેથી અત્યંત પ્રસન્ન થયેલા.

કીર્તન અને શ્રીભગાવત : કીર્તન ભગવાનનું દ્રવીભૂત સ્વરૂપ છે. શ્રી ભાગવત નામાત્મક સ્વરૂપ છે. બંનેનો ગાઢ સંબંધ છે. શ્રીવલ્લભે ભાગવત પીયૂષ સમુદ્રનું મંથન કરી પુષ્ટિ ભક્તિમાર્ગ પ્રકટ કર્યો છે. આથી સ્વરૂપ અને કીર્તન સેવાના મૂળ શ્રી ભાગવત પારાવારના તલને સ્પર્શે છે.

શ્રી ભાગવતમાં શ્રીકૃષ્ણ લીલાનો વિસ્તાર છે. કીર્તનોમાં આ વર્ણન વિસતૃત અને અધિક છે. કીર્તનમાં શ્રીભાગવત શાસ્ત્રની સંગતી તો છે જ પણ સાથે ભક્તોના લીલા અનુભવો પણ ભર્યા છે. લીલા વિહારી શ્રીકૃષ્ણે વિવિધ લીલાઓનાં દર્શન ભક્ત કવિઓને વિભિન્ન સમયે

કરાવ્યા છે. તે અનુભવ જન્ય આ કીર્તનો છે. આ અનુભવ માટે અંતઃ ચક્ષુ જાગ્રત રહેતાં. આથી જ સૂરદાસજી ગાઈ શક્યા 'દેખ્યોરી હરિ નંગમનંગા'.

કીર્તનો શ્રીભાગવત વર્ણિત વેણુગીત જેવાં છે. વૃંદાવનમાં શ્રીપ્રભુ વેણુનાદ કરે છે. આ વખતે તેમાં સર્વાભોગ્યા સુધા પધરાવે છે. ગોકુલમાં રહેલા ભક્તજનોના કર્ણમાં આ સુધા યુક્ત વેણુનાદ પ્રવેશ કરી હૃદયમાં સ્થાપિત થાય છે. નસે નસમાં વહેવા લાગે છે. વ્રજભક્તોના શરીર (સંધાત) ભગવદીય બન્યા. તેમના હૃદયમાં અલૌકિક કૃષ્ણ કામ પ્રકટ્યો. તે મુખમાંથી વેણુગીત રૂપે સરિત થયો.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ નામ - નિવેદન અને વચનામૃત રૂપી સુધા યુક્ત વેણુનાદ દૈવીજીવોને સુણાવ્યો. તેથી તે બધા ભગવદીય બન્યા. પ્રભુના ગુણાનુવાદ ગાવા લાગ્યા.

સુરદાજી અને પરમાનંદદાસજી શ્રીવલ્લભના શરણે

આવ્યા. શ્રીવલ્લભે તેમનાં હૃદયમાં શ્રીભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા સ્થાપી. ફલતઃ બંને ભક્તો કીર્તન સાગર બન્યા. સૂરદાસજીએ તો પ્રથમ જ કીર્તન વ્રજ ભયો મહરિકે પૂત... ગાયું જેમાં પ્રભુના જન્મનું વર્ણન છે.

શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે સારસ્વત કલ્પ (શ્રીકૃષ્ણ આ કલ્પમાં જન્મેલા) પછીના કલ્પોમાં જે ભક્તો સારસ્વત કલ્પીય લીલા ગાશે તેમને સારસ્વત કલ્પીય ભક્તો જેટલું અને જેવું સુખ મળશે.

કીર્તન વર્ગીકરણ : કીર્તનોના બે વર્ગો છે. (૧) સ્થુળ અને (૨) સુક્ષ્મ.

સ્થૂળ પ્રકાર : પ્રભુ જાગે ત્યાંથી પોઢે તે લીલાનાં નિત્ય કીર્તનો.

જન્માષ્ટમીથી પવિત્રા રાખી સુધીનાં વરસ દરમ્યાનના ઉત્સવોના બારમાસી કીર્તનો.

વસંત પંચમીથી ડોલ સુધી ગવાતાં વસંત ધમારના પદો.

સૂક્ષ્મ પ્રકાર : સ્વરૂપ ભાવના, લીલા ભાવના અને ભાવભાવના આધારિત પદો.

'શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે' અહીં શ્રીવલ્લભના મધુર અંગોનું વર્ણન છે. તે સ્વરૂપ ભાવના કહેવાય.

'આજ દધિ મીઠો મદન ગોપાલ' અહીં છાક લીલાનું વર્ણન છે. તે લીલા ભાવના છે.

ખંડિતા અને હિલગના પદોમાં ભાવ ભાવના છે. કેટલાંક પદોમાં એકથી વધુ ભાવના પણ હોઈ શકે છે.

બીજા પ્રકારે પણ વર્ગીકરણ થઈ શકે છે.

સન્મુખમાં ગવાતાં પદો. તે સેવા સાથે સંકળાયેલ છે. સેવા દરમ્યાન તે સન્મુખમાં ગવાય છે.

સ્મરણ (અનોસર)નાં પદો તે પદો સન્મુખમાં ન ગવાય. શિક્ષા, વિનતી, માહાત્મ્ય, દીનતા અને આશ્રય આ પ્રકારમાં છે. **વર્ગીકરણનો ત્રીજો પ્રકાર** સન્મુખમાં ગવાતાં કેટલાક કીર્તનોમાં બાળલીલા છે. તે નંદાલયની

ભાવના છે. કેટલાંકમાં કિશોર લીલા છે તે નિકુંજની યુગલ સ્વરૂપના વિહારની ભાવનાવાળા છે.

કીર્તનની ભાષા : પુષ્ટિ પુરુષોત્તમ વ્રજના ઠાકુર છે. તેથી તેમને વ્રજભાષા ગમે છે. શ્રીગુસાંઈજીને પણ શ્રીજીએ આ વાત કરી છે. તેથી કીર્તન વ્રજભાષામાં છે.

શ્રીગુસાંઈજી અને કવિ જયદેવજીની અષ્ટપદી સંસ્કૃત ભાષામાં છે અને ગવાય છે. ગુજરાતી ભાષાના પદો અને ધોળ વગેરે પ્રભુ સન્મુખ નથી ગવાતાં.

કીર્તનકારો : શ્રીગુસાંઈજી મહારાજે 'અષ્ટછાપ'ની રચના કરી. હિંદી સાહિત્યના ઈતિહાસમાં તે અદ્‌ભુત ઘટના હતી. તેમાં ચાર સેવકો શ્રીમહાપ્રભુજીના અને ચાર શ્રીવિઠ્ઠલેશના છે. તે બધાંના રહેવા માટે શ્રીગિરિરાજમાં જુદા દ્વાર છે. જુદા જુદા દર્શનના તે મુખ્ય કીર્તનકાર છે. તે બધા શ્રીઠાકોરજીના શ્રીઅંગના જુદા જુદા અવયવોથી પ્રગટ્યા છે. શ્રીજીના આઠ પ્રકારના શ્રીમસ્તકના શણગારના તે ભાવરૂપ છે. શ્રીના સખા અને સખીરૂપ છે.

અષ્ટછાપ

નામ અને પ્રભુ અંગથી પ્રાગટ્ય	સખા	સખી	દર્શન	આસક્તિ	શૃંગાર	લીલા	સ્થાન
પરમાનંદદાસ શ્રીના શ્રવણ (કાન) થી પ્રાગટ્ય	તોક	ચંદ્રભાગા	મંગળા	શ્રીનવનીતલાલ	ગ્વાલપગા	કલાલીલા	સુરભિકુંડ
નંદદાસ ઉદરથી પ્રાગટ્ય	ભોજ	ઈંદુલેખા	શણગાર	શ્રીગોકુલચંદ્રમા	ફેંટા	કિશોરલીલા	માનસી ગંગા
ગોવિંદસ્વામી નેત્રથી પ્રાગટ્ય	શ્રીદામા	ભામા	ગ્વાલ	શ્રીદ્વારિકાનાથ	ટિપારો	હિંડોળા	કદમખંડી
કુંભનદાસ હૃદયથી	અર્જુન	વિશાખા	રાજભોગ	શ્રીનાથજી	કુલ્હે	નિકુંજ	સુદપાંડેનું ઘર

અષ્ટછાપ

નામ અને પ્રભુ અંગથી પ્રાગટ્ય	સખા	સખી	દર્શન	આસક્તિ	શૃંગાર	લીલા	સ્થાન
સૂરદાસ મુખારવિંદથી	કૃષ્ણ	ચંપકલતા	ઉત્થાપન	શ્રીમથુરેશજી	પાગ	માનલીલા	ચંદસરોવર
ચતુર્ભુજદાસ શ્રીહસ્તકમલ	સુબાહુ	સુશીલા	ભોગ	શ્રીગોકુલનાથ	સેહરો	બાળલીલા	રુદ્રકુંડ
છીતસ્વામી કટિથી	સુબલ	પદ્મા	સંધ્યા આરતી	શ્રીવિઠ્ઠલનાથજી	દુમાલો	જન્મલીલા	અપ્સરાકુંડ
કૃષ્ણદાસ શ્રીચરણથી	ઋષભ	લલિતા	શયન	શ્રીમદનમોહનજી	મુકુટ	રાસલીલા	બિલછૂકુંડ

કીર્તનકારના જન્મની વિગત	કોણા સેવક	કીર્તન સંખ્યા
પરમાનંદદાસજી - વિ.સ. ૧૫૫૦ માગસર સુદ-૭ કનોજમાં કોનાજીયા બ્રાહ્મણને ત્યાં	શ્રીવલ્લભ - વિ.સં. ૧૫૭૭માં	૨૦૦૦
નંદદાસજી - રામપૂર ગામમાં સોરમજી જિલ્લાો. સારસ્વત બ્રાહ્મણને ત્યાં. તુલસીદાસજીના નાનાભાઈ	શ્રીગુસાંઈજી - વિ.સં. ૧૬૦૬માં	૪૦૦
ગોવિંદસ્વામી - આંતરી ગામ ભરતપુર રાજ્ય, સનાઢ્ય બ્રાહ્મણને ત્યાં જન્મ.	શ્રીગુસાંઈજી - વિ.સં. ૧૫૯૨માં	૫૦૦
કુંભનદાસજી - વિ.સં. ૧૫૨૫, ચૈત્ર વદ-૧૧. જમનાવતા ગામ. ગોરવા ક્ષત્રિયને ત્યાં જન્મ.	શ્રીવલ્લભ - વિ.સં. ૧૫૫૬માં	૫૦૦

કીર્તનકારના જન્મની વિગત	કોણા સેવક	કીર્તન સંખ્યા
સૂરદાસજી - વિ.સં. ૧૫૩૫, વૈશાખ સુદ-૫, દિલ્હી પાસે સીંહીગામ. સારસ્વત બ્રાહ્મણને ત્યાં જન્મ.	શ્રીવલ્લભ - વિ.સં. ૧૫૬૭માં	એક લાખ પદો, સવા લાખ પદનો મનોરથ. બાકીના શ્રીજીએ પૂરા કર્યા.
ચતુર્ભુજદાસ - કુંભનદાસના પુત્ર. જમનાવતા ગામ.	શ્રીગુસાંઈજી - વિ.સં. ૧૫૯૭માં	૨૦૦
છીતસ્વામીજી - વિ.સં. ૧૫૭૨, મથુરામાં ચોબાને ત્યાં. બિરબલના પૂરોહિત હતા.	શ્રીગુસાંઈજી - વિ.સં. ૧૫૯૨માં	૩૦૦
કૃષ્ણદાસજી - વિ.સં. ૧૫૫૪, ગુજરાતમાં ચિલોતરા ગામ. કણબી પટેલને ત્યાં જન્મ.	શ્રીવલ્લભ - વિ.સં. ૧૫૬૭માં	૧૨૦૦

અષ્ટછાપ સિવાયના પણ પુષ્ટિમાર્ગીય ભક્ત કવિઓ છે. જેમણે કીર્તનો કર્યા છે. પુષ્ટિમાર્ગની દીક્ષા ન હોય તેવાં અન્ય સંપ્રદાયના ભક્ત કવિઓએ પણ કીર્તનો કર્યાં છે.

કીર્તનમાં રાગો : પ્રભુના સુખનો વિચાર કરી સવારથી સાંજ સુધીના રાગોનો ક્રમ છે. ઉષ્ણકાળ અને શીતકાલમાં પણ ચોક્કસ રાગોનો ક્રમ છે. મલ્હારના દિવસોમાં મલ્હાર રાગ જ દરેક સમયે ગવાય છે. વસંતના દિવસોમાં વસંત, બહાર, હિંડોલ, વગેરે રાગો ગવાય છે.

સારંગ વગેરે રાગ શીતલતા આપે છે. તેથી ઉષ્ણકાલમાં ગવાય.

કલ્યાણ, આસાવરી, ધનાશ્રી, લલિત, માલકૌંસ વગેરે રાગ ઉષ્ણતા આપે છે તેથી શીતકાલમાં ગવાય.

તાલ અને વાદ્યો : ચૌતાલ, ધમાર, તીનતાલ, ઝપતાલ, આડાચૌતાલ વગેરે તાલોમાં પ્રાયઃ કીર્તન થાય છે.

શ્રીઠાકોરજીને આરતી આવે ત્યારે કીર્તનો ચલતીમાં

(ઝડપથી) ગવાય છે. તાલ અને વાદ્યની ગતિ પણ વધે છે. પખાવજ, વીણા, સારંગી, ઝાંઝ, હારમોનીયમ વગેરે વાદ્યોનો ઉપયોગ થાય છે. વસંતના દિવસોમાં ચંગ, ઉપંગ, ડફ વગેરે વાદ્યો પણ આવે છે.

તન અને મનને તંદુરસ્ત રાખે - પુષ્ટિ સંપ્રદાયનું હવેલી સંગીત

પ્રસ્તુત મથાળામાં તન અને મનની તંદુરસ્તી અભિપ્રેત છે અને તે માટેના સાધન તરીકે પુષ્ટિસંપ્રદાયના હવેલી સંગીતને સ્વીકૃત કર્યું છે. નિર્દેશિત કર્યું છે. અત્રે તન, મન, સંગીત અને પુષ્ટિ સંપ્રદાયના હવેલી સંગીત વિષે કિંચીત્ જાણવું જરૂરી છે જેથી પરસ્પરનો સંબંધ અંતે સમજી શકાય.

તન : પંચ મહાભૂત (આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી)માંથી નિર્મિત થાય છે. સ્થૂળ દેહ તરીકે પણ ઓળાખય છે. ચૈતન્ય વગર તે જડ છે. કાર્ય કરવાના આધાર રૂપ છે.

મન : શ્રીભાગવત (૩-૨૫-૬૦) અનુસાર 'हृदयान्मन उत्थितम्' અર્થાત્ હૃદયથી મનનું પ્રાકટય થયું છે. અને મનના પ્રાકટય પછી બુદ્ધિ તત્પશ્ચાત્ અહંકાર અને બાદમાં ચિત્ત પ્રકટ થાય છે.

મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત અંતઃકરણ ચતુષ્ટય તરીકે પણ ઓળખાય છે. મન શબ્દમાં બાકીના ત્રણનો ઉલ્લેખ પણ થઈ જતો હોય છે. મનનું કાર્ય, સારી કે નરસી ઈચ્છાઓ કરવાનું છે. શ્રીવલ્લભાચાર્યચરણોનો આજ અભિપ્રાય છે. मन इन्द्रियम् विक्रिया विविधक्रिया संकल्प विकल्प रुपा इन्द्रियाव्यापारः મન ઈંદ્રિય છે. મન રૂપ ઈંદ્રિયનું કાર્ય સંકલ્પ વિકલ્પ દ્વારા વિવિધ પ્રકારની ક્રિયા કરવાનું છે.

શ્રીગીતાજીમાં મન ચંચલ અને અસ્થિર છે. मनः चंचलम् अस्थिरम् । તેવી આજ્ઞા છે.

તન અને મનનો સંબંધ : પંચમહાભૂતનાં દેખાતાં બધાં સ્થૂલ શરીર કામ કરવાના આધાર રૂપ છે. તેમાં સૂક્ષ્મ

શરીર કામ કરનાર છે. તે કારણ દેહ-વાસના દેહ કે લિંગ દેહ તરીકે ઓળખાય છે. સાંખ્ય મત પ્રમાણે લિંગ દેહ ૧૭ (સત્તર) તત્ત્વોનો બનેલો છે. પાંચ તન્માત્રા (સૂક્ષ્મભૂત) - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે, આકાશ સાથે શબ્દ, વાયુ સાથે સ્પર્શ, તેજ સાથે રૂપ, જલ સાથે રસ અને પૃથ્વી સાથે ગંધ સંકળાયેલ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય - શ્રોત્ર (કાન), ત્વક્ (ચામડી), ચક્ષુ (આંખ), રસના (જીભ), ઘ્રાણ (નાક) આ જ પ્રમાણે શ્રોત્ર સાથે શબ્દ, ત્વક્ સાથે સ્પર્શ, ચક્ષુ સાથે રૂપ, રસના સાથે રસ અને ઘ્રાણ સાથે ગંધ સંકળાયેલાં છે. પાંચ કર્મેન્દ્રિય - પાયુ (મલદ્વાર), ઉપસ્થ (મૂત્રદ્વાર), હસ્ત, ચરણ અને વાણી સોળમું મન અને સત્તરમી બુદ્ધિ (ચેતના).

લિંગ દેહ સ્થૂલ દેહના આધારે રહે છે. સૂક્ષ્મ ઈન્દ્રિયો અણુ જેટલા પરિમાણ (માપ)ની છે. તે સ્થૂલ દેખાતા ઈન્દ્રિયના ગોલક (સ્થાન)માં પણ રહીને કામ કરે છે.

જીવ (મનુષ્ય)માં આ સ્થૂલ અને સૂક્ષ્મ દેહ છે. વાસના

દ્વારા જીવને આ બંને સાથે સંબંધ થાય છે, જેનાથી આ શરીર બને છે.

શ્રીમદ્ ભગવત ગીતા આ શરીરને ‘ક્ષેત્ર’ કહે છે. જેવું ક્ષેત્ર છે તેવું જ શરીર છે. ક્ષેત્રમાં જુદા જુદા પ્રકારની વાવણી કરતાં જુદા જુદા પ્રકારના પાક તૈયાર થાય છે. આથી જે પદાર્થના પાકની અભિલાષા હશે તેવા પાક ઉતારવા સાધન સામગ્રીની વ્યવસ્થા જોઈશે. આ વ્યવસ્થાને તત્ત્વ નામથી જાણવામાં આવે છે.

દરેક સાધકને સાધન અને સામગ્રીની અપેક્ષા છે. દેહ સાધન રૂપે બને છે અને અંતઃકરણ ચતુષ્ટયમાં ઉદ્ભવતા વિચારો, વૃત્તિઓ અને ભાવો સામગ્રી રૂપે કામ કરે છે. શ્રીગીતાજી પ્રમાણે ક્ષેત્ર ૨૪ (ચોવીસ) તત્ત્વો (પંચ મહાભુત, અહંકાર, બુદ્ધિ અને અવ્યક્ત સ્વરૂપ, દશ ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયો અને મન) તથા સાત ભાવો (ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂલ દેહનો પિંડ, ચેતના અને ધૃતિ)થી બન્યું છે. બ્રહ્મથી બનતું તન અને મન નિર્દોષ

અને સમ હોવું જોઈએ પણ ઉપર દર્શારેલા ૩૧ (એકત્રીસ) તત્ત્વોના લીધે તે વિકારી બની જાય છે. પણ આ ક્ષેત્ર (તન અને મન) ને સુરક્ષિત રાખવાની જરૂર છે અને તેનો ઉપયોગ બ્રહ્મપ્રાપ્તિ માટે જરૂરી જ્ઞાન અને જરૂરી ક્રિયા માટે કરવાનો છે. આના માટે ઘણા માર્ગોનો નિર્દેશ મળે છે તે પૈકી એક પુષ્ટિસંપ્રદાયનું હવેલી સંગીત છે.

તન-મનની તંદુરસ્તી : ડૉક્ટરી વિજ્ઞાન પ્રમાણે તન અને મન એમ બંનેની તંદુરસ્તી હોય તો જ સાચી તંદુરસ્તી કહેવાય. કેવલ તન કે કેવલ મનની તંદુરસ્તીથી સંપૂર્ણ તંદુરસ્તી ન કહેવાય. તન અને મનનું સહિયારૂં સ્વાસ્થ્ય જ Positive Health છે. તન અને મનનું સ્વાસ્થ્ય જીવનની રોજબરોજની ક્રિયાઓ તથા જીવના ઉર્ધ્વગામી વિકાસ માટે મૂળભુત જરૂરિયાત છે. તન-મનના સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે જુદા જુદા પંથોનું નિર્માણ ભગવદ્ ઈચ્છાથી ઋષિ યુગથી અદ્યપિ એકવીસમી સદી પર્યંત આવ્યું છે. કદાચ થતું પણ રહેશે.

આ બધા પંથોમાં પુષ્ટિપંથનું હવેલી સંગીત તન સાથે મનને તંદુરસ્ત રાખવાનો રામબાણ ઈલાજ છે. અદ્વિતિય સાધન છે.

સંગીત અને હવેલી સંગીત (કીર્તન) :

સંગીત : गीतं, वाद्यं तथा नृत्यं त्रयं संगीतमुच्यते ૬૪ (ચોસઠ) પ્રકારની કલાઓ શાસ્ત્રોમાં વર્ણાવી છે. તેમાં ગીત, વાદ્ય અને નૃત્ય આ ત્રણે કળા મળીને સંગીત કહેવાય છે. ગાયન એ સંગીતનો પ્રધાન વિષય છે. સંગીત શાસ્ત્રના નિયમ મુજબ સ્વરોને કાવ્ય રચના અને તાલ પદ્ધતિ પ્રમાણે ગોઠવીને ઉચ્ચારવા તેને ગાયન કહે છે.

સંગીતના તાલ, માત્રા અને સ્વરના ભેદ સમજી હરકોઈ વાદ્ય વગાડવું તેને વાદન કળા કહે છે.

ગાયનની કવિતામાં રહેલો ભાવ શરીરના અંગના અભિગમથી કરી બતાવવો તેને નર્તન કળા કહે છે.

હવેલી (કીર્તન) સંગીત : સંગીતના મુખ્ય ભેદ બે છે.

(૧) માર્ગી (૨) દેશી. માર્ગી સંગીત ઋષિ મુનિઓના કાળમાં ગવાતું તે સમય પછી સંગીતના પ્રાચીન ગ્રંથોમાં રાગ રાગિણીની વ્યવસ્થા જોવામાં આવે છે. આ દેશી સંગીતનું વર્ણન છે. કીર્તન સંગીત દેશી સંગીત અંતર્ગત છે, સ્વર, અક્ષર, શબ્દ, પદ અને વાક્ય જ્યારે ભગવદ્‌લીલાના રૂપમાં પ્રયોજાય ત્યારે તે કીર્તન બને છે.

શ્રીવલ્લભ સંપ્રદાયની મહાન કીર્તન પ્રણાલી કેવલ ભક્તિ સંગીત નથી પણ શાસ્ત્રીય સંગીતનું મૂળ સ્વરૂપ છે જેની રચના વેદના છંદ અને પ્રબંધ માત્રનું રૂપાંતરણ છે.

શ્રી શુકદેરજીએ શ્રી ભાગવત્ ગાન રૂપી કીર્તન ભક્તિ કરી. શ્રીસૂરદાસજી પ્રભૃતિ અષ્ટછાપ ભક્તોએ આ ભક્તિના પદ (કીર્તન) રચ્યા અને શુદ્ધ સંગીતમાં આ દ્વારા ભગવદ્ ગુણાનુવાદ કર્યું. ત્યાર પછીના કીર્તનકારોએ તે કીર્તનોમાં શુદ્ધ સંગીત જાળવી રાખ્યું, જે અદ્યપિ પર્યંત પુષ્ટિ સંપ્રદાયની હવેલીઓમાં શાસ્ત્રોક્ત નિયમથી ગાવા

બજાવવામાં આવે છે. આ બધું કીર્તન સંગીત તરીકે ઓળખાય છે.

આદ્ય ભગવદ્ ભક્ત સંગીત કીર્તનકારો રચિત પદોનું સંગીતના ભેદ અને નિયમ પ્રમાણે ગાયન, વાદન કે નર્તન કરવું તેને કીર્તન સંગીત કહે છે.

પુષ્ટિસંપ્રદાયમાં હવેલી સંગીતનું સ્થાન : પુષ્ટિમાર્ગમાં મંદિરો 'હવેલી' સંજ્ઞાથી ઓળખાય છે. તેમાં ગવાતું કીર્તન સંગીત આથી હવેલી સંગીત તરીકે ઓળખાય છે.

ભગવત્કીર્તનને પુષ્ટિસંપ્રદાયમાં અત્યંત પ્રભુતોષક માન્યું છે. આ ભગવત્કીર્તન જો સંગીત પદ્ધતિ અનુસાર થાય તો પ્રભુ સ્વલ્પ જ કાલમાં નિજ લીલાનાં દર્શન કરાવવાનો અનુગ્રહ કરે છે.

શ્રીમત્પ્રભુચરણોનું નામ 'ગીત સંગીત સાગર' પ્રસિદ્ધ છે. શ્રીપુરુષોત્તમજી લેખવાલા ભાષ્ય પ્રકાશમાં મંગલાચરણના પ્રથમ શ્લોકમાં संगीत श्रुतिमूर्धभिः પદ

ધરે છે. આ દૃષ્ટિએ વિચારીએ તો ભગવત્કીર્તનોના પણ પરમ વિનિયોગ રસાવિષ્કારમાં છે. આ રસાવિષ્કાર ત્યારે જ શક્ય બને જ્યારે ભગવત્કીર્તન પણ રસિકતાથી સંગીત પદ્ધતિએ કરાય.

ભગવાનની લીલા નિત્ય છે, અનંત છે. સદાનંદમયી છે. પુષ્ટિમાર્ગના ગુરૂજન શ્રીગોપીજનોએ ઘરમાં રહીને વનમાં થતી પ્રિયતમ શ્રીકૃષ્ણની લીલાઓનો પ્રત્યક્ષ સ્વાનુભવ કરી ‘વેણુગીત-યુગલ ગીતોના’ રૂપમાં કીર્તન કર્યું છે. આ જ રીતે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સમયના કીર્તનકારોને યાદૃશ ભગવત્કૃપાએ થતાં તાદૃશ કીર્તન સત્વર જ રચી તેનું ઉદ્ગાન પ્રભુ સમક્ષ કરતા.

આપણને તો હવે પ્રસાદભૂત કીર્તનનો ગાન માત્ર કરવાનો અધિકાર છે. અર્વાચીન કીર્તનકારોનાં કીર્તન પ્રભુ સમક્ષ ગવાય નહિ એવી સ્વમાર્ગ મર્યાદા છે. મહાનુભાવીઓએ જે અનુભવ કર્યો તે તેમણે કીર્તન દ્વારા વર્ણવ્યો અને તેથી તન્માર્ગે સ્થિતિ કરીને આપણે તેમનાં

કીર્તનોનું સુંદર ગાન કરવું, જેથી પ્રભુ સુપ્રસન્ન થઈ જાય.

(શાસ્ત્રીય) સંગીતનું માહાત્મ્ય : ગ્રીક ફિલ્સુફ પ્લેટો એ કહ્યું છે 'એક નવટાંક સંગીત એક ટન ફિલસુફીની બરાબર છે.' શ્રીનારદજીને પ્રભુ યુગોથી સમજાવે છે કે, ''मद् भक्ताः यत्र गायन्ति तत्र तिष्ठामि नारदः'' મારા ભક્તો જ્યાં ગાય છે ત્યાં હું વસુ છું. આ જ વાર્તા 'કાર્લાઈલ' નામના પશ્ચિમી વિદ્વાને આ રીતે કહી, ''સંગીત એ સ્પષ્ટ અને અગાધ ભાષણ છે. તે અનંત સ્વરૂપ પરમાત્મા પાસે લઈ જનારી કલા છે.'' આપણા અષ્ટછાપ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ વગેરે આના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

સંગીતનું મૂળ તત્ત્વ-ધ્વનિ, પર બ્રહ્મમાંથી જ ઉદ્ભવેલું છે. આથી તે નાદબ્રહ્મ તરીકે ઓળખાય છે. આમ સંગીત એ દૈવીકલા બની ગઈ. આવી દૈવીકલાનું માધ્યમ ઈશ્વરીય ચમત્કારો પ્રગટ કરે તે સ્વાભાવિક છે. આ સૃષ્ટિનું સર્જન જ નાદ બ્રહ્મમાંથી છે. શાસ્ત્રોક્ત આ હકીકતને પશ્ચિમી

જગત પણ સ્વીકારે છે. શ્રી સુરેશ દલાલ (ઉત્કૃષ્ટ સાહિત્યકાર) આથી જ કહે છે, ''સમગ્ર બ્રહ્માંડમાં સંગીત વહે છે અને આપણે સૌ ઈશ્વરના ગીતને સૂરીલું બનાવવા માટે એના જ સૂર છીએ.'' આ નાદબ્રહ્મરૂપી સંગીતને મહા માનવોએ ઈશ્વરીય કૃપાથી બંસીના સ્વરમાં, મૃદંગની થાપમાં, શંખના નિનાદમાં, ઘૂંઘરૂના રણકારમાં, વીણાના ઝંકારમાં વાળ્યું છે, ઢાળ્યું છે અને માણ્યું છે. આના દ્વારા ભારતીય સંગીતની માનવજીવન પર ચોક્કસ અસરો પ્રગટ થઈ છે. આ અસરો વ્યક્તિગત થી સામૂહિક સ્તર સુધી વિસ્તરે છે. માનવ સાથે અન્ય સજીવ સૃષ્ટિ પણ તેથી પ્રભાવિત થતી રહી છે.

પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરજીએ ત્રણ દિવસ મલ્હાર રાગના જુદા જુદા પ્રકારો પ્રસ્તુત કરી વરસાદના અમી છાંટણાં કરાવ્યા હતાં.

પંડિત ઓમકારનાજી ઠાકુરે 'સાવની બરખા' રાગમાં 'સાવન આયો' ગાવનું શરૂ કર્યું, વાદળ ઘેરાયાં, વરસાદ પણ આવ્યો.

પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરજીએ લાહોરના પ્રાણી સંગ્રહાલયમાં હિંસક બનેલ એક વાઘને શાંત કર્યો હતો. આવા ઘણા દૃષ્ટાંતો-પ્રયોગો છે જે વિષય વિસ્તારના ભયે રજૂ કરતો નથી. આ જ રીતે આ સંગીત તન અને મનના રોગોને દૂર કરનાર પૂરવાર થયું છે.

યાજ્ઞવલક્ય સ્મૃતિ સંગીતને મોક્ષમાર્ગનું સાધન કહે છે. પંડિત નારાયણરાવ મોરેશ્વર નોંધે છે સંગીત એ અજબ શક્તિ છે. સંગીત દ્વારા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક વિકાસ થઈ શકે છે. સંગીતને પ્રાચીન મુનિઓએ તો મોક્ષનું એક સાધન કલ્પ્યું છે.

બ્લડપ્રેસર (રક્તચાપ) આંખોની નબળાઈ, ક્ષય, અપચો, પેટનાકીડા, બહેરાશ અને કેન્સર જેવા તનના રોગો અને તોફાની ઝનૂની મનુષ્યો માનસિક રોગોની સારવાર કરતી music therapyનો વિકાસ થઈ રહ્યો છે. રોગ અને ચિકિત્સામાં સહાયક રોગોનું એક કોષ્ટક આમારા સંબંધીને ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત થયેલું, જેમાંની થોડીક વિગત રજૂ કરું છું.

તનના રોગ	ચિકિત્સામાં સહાયક રાગો
અસ્થમા	પૂરિયા, માલકૌંસ, યમન
કેન્સર	નાયકી કાનડા, સિંધ ભૈરવી, રાગેશ્રી
હૃદય રોગ	ભૈરવી, શિવરંજની, અલ્હૈયા બિલાવલ
ઊંચુ લોહી દબાણ	હિંડોલ પૂરિયા, કૌસી કાનડા
એસીડીટી	મારવા, કલાવતી
અલ્સર	મધુવેતી
ડાયાબિટિશ	જયજયવંતી, જોનપૂરી

માનીસક રોગો	સહાયક રાગો
મનો વિકૃતિ	લલિત, કેદારો
ભય શોક	પૂરિયા, અહિર, ભૈરવ
એકલતા	ભૈરવી
આત્મવિશ્વાસ	આસાવરી
માનસિક તણાવ	હિંડોલ, કેદાર
આક્રોશ, ક્રોધ	માલકૌંસ

આ જ (શાસ્ત્રીય) સંગીત હવેલી સંગીત બને છે ત્યારે : સંગીતની થતી હકારાત્મક અસરો તો તન અને મન પર થશે જ પણ વિશેષમાં ગાન, વાદન અને નૃત્યનો વિનિયોગ પુષ્ટિસ્થ પ્રભુમાં થશે. પ્રભુ માટે જ કલા હોય ત્યારે પ્રભુ રીઝે. પ્રસન્ન પ્રભુ જ સંગીતને તેની હકારાત્મક અસર ઊભી કરવા રૂપી સિદ્ધિનું દાન કરી દેશે. તેથી હવેલી સંગીત સહજ રીતે તન-મનને તંદુરસ્ત કરી દેશે.

રાગનાં ત્રણ સ્વરૂપ છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને અધિદૈવિક. રાગનું શાસ્ત્ર આધિભૌતિક સ્વરૂપ કહેવાય. તેની અસરો આધ્યાત્મિક સ્વરૂપ કહેવાય અને તેનું મૂર્તિ સ્વરૂપ આધિદૈવિક સ્વરૂપે સેવા માટે પ્રકટ થઈ જાય છે. આ સ્વરૂપોને પ્રભુની સાક્ષાત્ સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. પ્રભુ તેમને કૃતાર્થ કરે છે. આ રાગો કીર્તનકાર તરફ અહોભાવ દર્શાવે છે.

પુષ્ટિપંથના પથિકોનું પરમ કર્તવ્ય તો પ્રભુનું સુખ અને પ્રસન્નતા માટેના પ્રયત્નો કરવાનું જ છે. શ્રીઆચાર્ય-

ચરણોએ રાગ-ભોગ-શ્રૃંગારના આ માર્ગમાં રાગ (કીર્તનોને પ્રથમ સ્થાન આપ્યું છે) ભોગ અને શ્રૃંગાર રાગ વગર અધુરા છે. રાગ પ્રભુમાં અનુરાગ કરાવે છે. શ્રીમહાપ્રભુજીએ સૌ પ્રથમ આ સેવા શ્રીકુંભનદાસજીને સોંપી. શ્રીગુસાંઈજી દ્વારા અષ્ટછાપ કીર્તન કારો કૃતાર્થ થયા.

હવેલી સંગીતની ખાસિયત : પુષ્ટિસ્થ પ્રભુ જાગે કીર્તનથી, સર્વભોગ આરોગે કીર્તન શ્રવણ કરતાં, સ્નાન શૃંગાર સમયે પણ કીર્તન તો જોઈએ જ. ગાયો લઈને વનમાં પધારે કે પાછા ગૃહે પધારે તે પણ કીર્તન અંગીકાર કરતાં કરતાં અને પોઢે પણ કીર્તનના સથવારે. જગતનું સર્જન, સ્થિતિ અને લય કરનાર તથા જીવોને રોજ જગાડનાર, પોષનાર, કાર્ય કરવાનું સામર્થ્ય આપી પ્રેરનાર કે સુવાડનાર ચૌદ ભૂવનનો નાથ એટલી બધી હદ સુધી કીર્તનને વશ છે કે આપશ્રીની પ્રત્યેક લીલા કીર્તન વગર થઈ જ ન શકે ! હવેલી સંગીતની આ વિલક્ષણતા,

અદ્‌ભૂતતા અને ચારૂતા જ વ્યક્તિ માત્રને તન મનથી સ્વસ્થ કરી દે છે. પછી ધોંધીજીના ગાનથી શ્રીનવનીતપ્રિયજી તાલ આપે જ ને ?

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના પ્રમેય બલનું એ સામર્થ્ય છે કે પૂર્વના આ મહાનુભાવોના કીર્તનનું ગાન આપણે કરીએ છીએ ત્યારે પ્રભુ તે કીર્તન પ્રમાણેની લીલા કરવા લાગે છે. એક વૈષ્ણવે ‘રાસ મેં નાચત લાલ ગોપાલ’ ગાવાના બદલે ભૂલથી ‘ઘાસ મેં નાચત લાલ ગોપાલ’ ગાયું. તો પ્રભુ તત્ક્ષણ ઘાસમાં નૃત્ય કરવા લાગ્યા પેલા વૈષ્ણવના તન-મનની સ્થિતિ એ વેળા કેવી હશે ?

રાગોનો ગુણ : રાગ કાંતો શીતલ, ઉષ્ણ કે સમશીતોષ્ણ ગુણવાળા હોય છે. પુષ્ટિપંથમાં તો રાગના ગુણોનું વિજ્ઞાન પણ કૃતાર્થ થાય છે. શીતકાળમાં ગવાતા લલિત, પંચમ, માલકૌંસ વગેરે રાગો ઉષ્ણતા પ્રકટ કરે છે. ઉષ્ણકાલમાં ગવતા સારંગ અને તેના પ્રકારો શીતલતા કરે છે. મૂળભૂત રીતે તો અહીં પ્રભુના સુખનો જ વિચાર છે. આથી જ્યારે

ગરમી પહોંચાડવી હોય ત્યારે ઉપર જણાવ્યા મુજબના પૂર્વાંગ વાદી રાગો અને શીતળતા માટે ઉત્તરાંગ વાદી રાગોનો વિનિયોગ થાય છે.

શ્રીગીતાજીમાં પ્રભુ આજ્ઞા છે, ''ये यथा मां प्रपद्यंते तांस्तथैव भाजम्यहम् (૪-૧૧)'' ભક્ત જે રીતે પ્રભુને ભજે છે તે જ રીતે ભગવાન પણ તેને ભજે છે. આ ન્યાયે હવેલી સંગીતથી ઋતુ અનુસાર પ્રભુ માટે વાતાવરણ કરીને પ્રભુને પ્રસન્ન કરતાં તે તે ઋતુમાં કીર્તન ગાન કરનારના તન મન પણ તંદુરસ્ત અને પ્રસન્ન થશે. આ જ પ્રકારમાં પ્રભુની પ્રસન્નતા માટે વિનિયોજાતા રાગોનો ક્રમ પણ શ્રીગુસાંઈજીએ એ ખૂબીથી પ્રણાલીગત કર્યો છે કે ઋતુઓના સંધિકાળ પણ પ્રભુને અસુખ ન કરી શકે. દા.ત. ઉષ્ણકાળ પછી તરત મલ્હાર રાગ નથી ગવાતો પણ સુહા વગેરે સવારે અને ગૌડ સારંગ વગેરે બપોરના સમય ગવાય છે. આયુર્વેદ પ્રમાણે બે ઋતુઓનો સંધિકાલ માનવને તન મનથી રોગિષ્ટ કરે છે. આવા સમયે પ્રસન્ન

થયેલા પ્રભુ કીર્તન ગાનારની ગતિ ડોક્ટર કે વૈદ્ય પ્રતિ ન જ થવા દે.

સંગીત અને રંગ : 'સંગીત રત્નાકર' અને 'સંગીત પારિજાત' જેવા પ્રાચીન સંગીતના ગ્રંથોમાં સંગીતના સ્વરોની રંગ દ્વારા ઓળખ આપી છે. ભારતીય સંગીતમાં મુખ્ય ત્રણ રંગો બતાવ્યા છે. સૂર્યરશ્મિ ચિકિત્સા અનુસાર

હવેલીઓમાં પ્રભુના સાજ અને વાઘા (વસ્ત્રો), આભૂષણો અને શૃંગારોના રંગો પણ ઋતુ અનુસાર ગોઠવ્યા છે. આથી કીર્તન સાથે આ રંગોનો સૂમેળ તન અને મનને તંદુરસ્ત કરે છે. ગ્રીષ્મ ઋતુમાં માનસિંહ રાજા વ્રજના મંદિરોમાં ફરતા ફરતા જ્યારે શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મંદિરે આવ્યા ત્યારે શ્રીજીની ઝાંખી સાથે ગવાતા સારંગ રાગ તથા પ્રભુએ ધરેલ શ્વેત પાગ અને પરદની રાજાના તન અને મનના થાકને દૂર કરી શાતાનું પ્રદાન કરનાર થઈ ગયા. આમ હવેલી સંગીતમાં આજની રંગ અને સંગીતના સૂમેળની થેરાપી સચવાઈ છે.

યોગસિદ્ધિ : હવેલી સંગીતથી અષ્ટાંગ યોગ સિદ્ધ થાય છે. દા.ત. પ્રાણાયામ શ્વાસોશ્વાસની ત્રણ ગતિ છે. પૂરક, કુંભક અને રેચક, યોગ્ય રીતે ઉચ્ચારણો દ્વારા થતા કીર્તન ગાનથી તે સહજમાં થઈ જાય છે. દા.ત. પ્રત્યાહારઃ પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયો પોતાના વિષયોને ગ્રહણ ન કરે તેવી સ્થિતિ. કીર્તન કરતાં દૃષ્ટિ પ્રભુને નિરખતી હોય પછી બીજું જોવાનું શું હોય ? વાણી પ્રભુ ગુણાનુવાદ કરતી હોય પછી મુખરતા દોષ કઈ રીતે આવશે ? વાણીનું સ્થાન મન અને ક્રિયા વચ્ચેનું છે. આથી વાણીનો પ્રભુ સેવામાં ઉચ્ચારણ દ્વારા વિનિયોગ કરતાં કરતાં શ્રીઠાકુરજીની સેવા થશે તો મન અને ક્રિયા સંકળાઈ જશે, મળી જશે. મન અને ક્રિયાને મળવારૂપી 'સાધન સેવા'ને ધીરે ધીરે 'માનસી સેવા' પ્રતિ લઈ જશે.

મંગલની પ્રક્રિયા : સૃષ્ટિના પ્રારંભ પછી જ શાસ્ત્રના વિવેચનનો પ્રારંભ થયો. આ જ રીતે ભગવાનના પ્રાદુર્ભાવથી કીર્તન પ્રણાલીનો પ્રારંભ છે. આથી

જન્માષ્ટમીથી સેવા અને કીર્તન પ્રણાલી લખવાનું વિધાન છે. ભગવાનમાં પ્રાદુર્ભાવથી જ મંગલ થાય છે. આ સ્વરૂપ આચાર્યો એ જ જણાવ્યું છે. આથી આચાર્ય વંદના અને ભગવાનની વધાઈનું ગાન સર્વ પ્રથમ આવે છે. આમ હવેલી સંગીત શાસ્ત્રોક્ત આચાર્યોપાસના માટેની શ્રેષ્ઠ રીત છે. જેના દ્વારા મંગલકર્તા હરિ સુધી પહોંચાય છે. જેથી તન અને મનનું મંગલ સિદ્ધ થાય છે. તંદુરસ્તીની સાથે મંગલનું પ્રદાન તે હવેલી સંગીતની વિશિષ્ટતા છે.

નવધા ભક્તિની અને યજ્ઞની સિદ્ધિ : નવધા ભક્તિમાંથી કેવલ કીર્તન ભક્તિ દ્વારા પ્રભુ સહજતાથી રીઝી જાય છે. ‘कलौ केशव कीर्तनात्’ આવી કીર્તન ભક્તિથી નવધા ભક્તિના ભાવની સિદ્ધિ અનાયાસ થઈ જાય છે. દા.ત. કીર્તન કરતાં સંભળાય પણ ખરું તે શ્રવણ ભક્તિ સ્મરણ કરીને ગાઈએ તે સ્મરણ ભક્તિ.

કીર્તનમાં સ્વર, અક્ષર, શબ્દ, પદ અને વાક્યનો સમન્વય છે. ભગવાનના છ ધર્મો પૈકી યશ ધર્મ દ્વારા આ

બાધાનો અંગીકાર પ્રભુએ કર્યો છે. આથી જ પ્રભુના યશનું વર્ણન-ભગવદ્‌ગુણાનુવાદ એ જ કીર્તન છે. આમ કીર્તનમાં પ્રભુના ષડધર્મનું પ્રકટ દર્શન થાય છે.

સંગીતના સાત સ્વરો પૈકી ‘સા’ને ષડજ્ કહે છે. બાકીના છ સ્વરોની ઉત્પત્તિ તેમાંથી થઈ છે. પંચમ (૫) પ્રભુની લીલા સ્વરૂપ શક્તિ છે. હવેલી સંગીત ગાન ભગવત્ કાર્ય છે. શ્રીમહાપ્રભુજીની યાજ્ઞા પ્રમાણે કર્મ ધર્મ રૂપ છે. મનથી ભાવિત થતા તે મનોયજ્ઞ બને છે. કીર્તન દ્વારા વાક્‌યજ્ઞ થાય છે અને શ્રવણથી જ્ઞાનયજ્ઞ બની જાય છે. ફલતઃ આ યજ્ઞો અલૌકિક નિધિ સ્વરૂપ પ્રભુને પ્રાપ્ત કરાવી દે છે. પછી પ્રાપ્ત કરવા જેવું શું રહેશે ? તન અને મનની તંદુરસ્તી કરતાં કેટલા ગણું ફલ આ થયું ?

કૃષ્ણાધરામૃતાસ્વાદની યોગ્યતાનું સંપાદન : પ્રભુએ વ્રજભક્તોના હૃદયમાં વેણુ દ્વારા રસ સ્થાપન કર્યું છે. વિવિધ ભાવથી તે રસ પુષ્ટ થયો છે. ખૂબ ભાવોદય થતાં

અધરરસપાન કરવા તે સમર્થ થયા છે. 'વેણુગીત પુનઃ યુગલ ગીત કી...' પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ દૈવી નિજજનોમાં શ્રીમુખની વાણીથી રસની સ્થાપના તો કરી પણ વેણુગીત અને યુગલીતના રસાત્મક સ્વરૂપની વર્ષા કરી છે. જેથી કીર્તનોના સ્વરૂપમાં રસાત્મક સ્વરૂપની રસધારા, સદૈવ અસ્ખલિત વહ્યા જ કરે છે, જે અધિકારી જીવોમાં સ્થાપિત થઈ કૃષ્ણાધરામૃતાસ્વાદની યોગ્યાત સંપાદન કરી દે છે. આ યોગ્યતા તન મનની તંદુરસ્તી સંવલિત જ હોયને ?

પંચપર્વા વિદ્યાની પ્રાપ્તિ : વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને કેશવમાં ભક્તિ એ વિદ્યાનાં પર્વ છે. કીર્તનો પૈકી કેટલાંક સ્વરૂપભાવના, લીલાભાવના અનો ભાવભાવનાનાં હોય છે. કેટલાંકમાં આનું સંયોજન પણ હોય છે. કેટલાંક પદો સેવા સાથે નહીં પણ સ્મરણ સાથે સંબંધ ધરાવે છે.

આવાં પદોના ગાન વખતે પ્રભુ સિવાયના દરેકની વિસ્મૃતિ થતાં વૈરાગ્ય.

પ્રભુ અને પ્રભુની લીલાનું જ્ઞાન થતાં સાંખ્ય.

મન માધવમાં મળી જતાં યોગ.

કીર્તન દ્વારા કલ્યાણ પ્રાપ્તિ માટે તન ને કસવારૂપી તપ તથા કીર્તન દ્વારા જ કેશવની ભક્તિ. આ રીતે પંચપર્વા વિદ્યા પ્રાપ્ત થાય. અવિદ્યાનાં પાંચ પર્વો દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિની નિવૃત્તિ થાય છે. અગાઉ લખ્યા મુજબ શરીર રૂપી ક્ષેત્રના વિકારો દૂર થાય છે. તન અને મન તંદુરસ્ત બને છે અને હવે આ ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ (ભગવાન)ની પ્રાપ્તિ કરાવી દે છે જે વિશ્વનું સર્વશ્રેષ્ઠ ફલ છે.

શ્રીમહાપ્રભુજીની વાણીમાં નિષ્ઠા રાખવી તે આપણો ધર્મ છે. તત્ત્વદીપ નિબંધના ત્રીજા ભાગવતાર્થ પ્રકરણમાં આપશ્રી આજ્ઞા કરે છે કે ‘अग्रेऽपि ये भविष्यन्ति कीर्तनात् तेऽपितादृशाः’ અર્થાત્ સારસ્વત કલ્પ પછીના કલ્પોમાં જે ભક્તો સારસ્વત કલ્પીય લીલાઓ ગાશે, કીર્તન કરશે તેમને સારસ્વત કલ્પીય ભક્તો જેટલું અને જેવું સુખ મળશે.

આમ તણાવ ભરી એકવીસમી સદી કે આવનારા યુગોમાં 'તન અને મનને તંદુરસ્ત રાખે પુષ્ટિસંપ્રદાયનું હવેલી સંગીત' એ અચલ અને એકમાત્ર સત્ય છે.

પ્રભુ પ્રેરણાથી થયેલી મારી આ નામ સેવામાં પ.ભ. શ્રીમગ્નલાલ શાસ્ત્રીજી, પ.ભ. શ્રી ચંપકલાલ નાયકજી, પ.ભ. શ્રી નાગરદાસ બાંભણિયાજી, પ.ભ. શ્રી બિપિન બિહારીદાસજીની અને શ્રીમમતાબેન રાવલની કાની પ્રાપ્ત થઈ છે. આ સર્વેને વંદું છું. પ.પૂ.ગો. કાંકોરલી યુવરાજ શ્રી વાગીશકુમારજી મહોદયશ્રી, પ.પૂ.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીઓના વચનામૃતો રૂપી અનુગ્રહને પણ સ્મરું છું. આપ શ્રીમાનોને દંડવત્ પ્રણામ નિવેદિત કરું છું.

રાગ હરે સબ રોગ કો કાયર કો દે સૂર
સુખિયોં કા સાધન બને દુખિયાકા દુઃખ દૂર
- તુલસીદાસજી

મહા અલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટછાપ હૈ
અલૌકિક સબ ભક્ત જન જો, શરણ લીને આપ હૈ

- ગો. શ્રી દ્વારકેશલાલજી ‘મૂલપુરૂષ’

તન અનો મનનું ઉધ્વીકરણ કરનાર સમગ્ર શ્રીવલ્લભકુલના ચરણ કમલોમાં આ નામ સેવા નિવેદિત કરું છું.

કીર્તન સાહિત્યમાં ગાયનું સ્વરૂપ તથા મહાત્મ્ય

પુષ્ટિમાર્ગ : આ માર્ગ રાગ, ભોગ અને શૃંગારનો છે. રાગ (કીર્તન)ની અગત્યતાથી તેનું સ્થાન પ્રથમ છે. આ માર્ગ સંપ્રદાય છે. વૈદિક (સનાતન) ધર્મ સાથે તેનો સંબંધ છે. આ કારણે કેટલીક સાંપ્રદાયિક આગવી છાપ સાથે આ માર્ગમાં વૈદિક સંસ્કૃતિનો સ્પષ્ટ પ્રભાવ દેખાય છે.

વૈદિક સંસ્કૃતિ : આ સંસ્કૃતિનું મુખ્ય અંગ પ્રકૃતિ-નિસર્ગ છે. ઋગવેદકાળથી (ઋષિયુગ)થી આ ધર્મ પ્રકૃતિના પ્રાંગણમાં પનપ્યો છે. પ્રકૃતિના દરેક અંગો માટે અહીં આદર છે. ગાયનું માહાત્મ્ય વિશેષ રીતે ગવાયું છે. ગાયનો સંબંધ વ્રજ સાથે અભિન્ન છે. ઋગવેદમાં કહ્યું છે ‘ગાયોથી ઘેરાયેલી વ્રજભૂમિ સ્વર્ગથી ઉત્તમ જણાય છે’, યજુર્વેદ કહે છે, ‘હે પ્રભો જ્યાં મનોહર શીંગડાંવાળી ગાયો

ચરે છે ત્યાં અમે જઈએ છીએ.' વૈદિક કાળમાં વ્રજ શબ્દ ગાયોના સ્થાનનો વાચક છે.

પુષ્ટિમાર્ગનો વ્રજ સંબંધ : આ માર્ગમાં વ્રજાધિપ આરાધ્ય દેવ છે. વ્રજના જેવો જ ગાય સાથેનો આ માર્ગનો સંબંધ શ્રીમહાપ્રભુજીના સમયથી વહે છે.

શ્રીગોકુળના ગોવિંદઘાટ પર પુષ્ટિ સંપ્રદાયનું પ્રાકટ્ય થયું તેની પહેલાં શ્રીમહાપ્રભુજીએ મધુરાધિપતિની સ્તુતિ કરતાં 'મધુરાષ્ટક'માં ગાયું છે, ''ગોપા મધુરા ગાવો મુધારા'. આ સ્તુતિ બાદ સંપ્રદાયનું પ્રાકટ્ય છે.

શ્રીગોપીનાથજી પણ 'સાધનદીપિકા' ગ્રંથના ૩૫માં શ્લોકમાં આજ્ઞા કરે છે 'વિપ્રો, ગાયો અને હરિભક્તો પ્રભુને પ્રિય છે. સદા તેમને આદર આપવો.'

શ્રીગુસાંઈજી 'મંગલમંગલમ્'માં 'સુરભીવૃંદ' ગાયનો ઉલ્લેખ કરે છે. સંપ્રદાયમાં આજે પણ આવી જ ગૌપ્રીતિ નિભાવાય છે. ગૌપ્રીતિ આ માર્ગમાં કીર્તન સાહિત્યમાં ઉત્કૃષ્ટ રીતે ઝલકે છે.

ગાયનું માહાત્મ્ય : ગુણધર્મો અને ઉપયોગિતાના આધારે પદાર્થ માત્રનું માહાત્મ્ય સમજાય છે. શ્રીમહાપ્રભુજી વેદમાં વર્ણિત વસ્તુને ત્રણ રીતે સમજાવે છે. (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક. ગાયનું પણ માહાત્મ્ય આ રીતે મારી સમજ મુજબ ત્રણ પ્રકારે છે.

(૧) આધિભૌતિક માહાત્મ્ય : વેદના જ્ઞાન મુજબ માનવને ઉપયોગી થાય તેવા ચાર પદાર્થો ગાય આપે છે.

(અ) ગો દુગ્ધ (દૂધ) : આયુર્વેદ મુજબ ગાયના દૂધમાં ચરબી, શર્કરા, મીનરલ્સ અને વીટામીન બી હોય છે. તે રેડીએશન સામે શરીરની પ્રતિકારાત્મક શક્તિ વધારે છે. મગજના કોષોનું નવસર્જન કરે છે.

(બ) ગો ધૃત (ઘી) : આયુર્વેદ મુજબ તે શ્રેષ્ઠ ઘી છે. શારીરિક અસ્વસ્થતામાં તે ઉપયોગી છે. યજ્ઞ વખતે તેનો ઉપયોગ હવાના ઓક્સિજન પ્રમાણને વધારે છે.

(ક) ગો મૂત્ર (યુરીન) : દવા તરીકે આઠ પ્રકારના મુત્રનો ઉપયોગ થાય છે. આ બધામાં ગોમુત્ર શ્રેષ્ઠ સાબિત થયું છે. તેમાં એન્ટી કેન્સર, એન્ટી બેક્ટેરીઅલ , એંટીફંગલ (ફુગ) અને એન્ટી ઓક્સીડન્ટ તરીકેના ગુણધર્મો છે. ઓછી રોગ પ્રતિકારાત્મક શક્તિમાં તે ઉપયોગી છે. અમેરિકનો આની પેટન્ટ માટે પ્રયત્ન કરી રહ્યા છે.

અથર્વવેદ, ચરક સંહિતા, સુશ્રુત સંહિતા વગેરેમાં ગોમૂત્રના દવા તરીકેના ઉપયોગનું વર્ણન છે. ગોમૂત્ર ટ્રીટમેન્ટ અને રીસર્ચ સેંટર - ઈંદોરના ઘણા વર્ષોના સંશોધન પછી તૈયાર કરેલ રીપોર્ટ મુજબ, ગોમૂત્ર અસ્થમાં, ડાયાબીટીસ, બ્લડપ્રેસર, સોરાયસીસ, એક્ઝીમા, હાર્ટએટેક, લોહીની નળીના બ્લોકેજ, ફીટ, કેન્સર, એઈડ્ઝ, પાઈલ્સ, પ્રોસ્ટેટ, આર્થરાઈટીસ, માઈગ્રેન થાઈરોઈડ, અલ્સર, એસીડીટી, કબજીયાત, સ્ત્રીરોગો, નાક, કાન વિગેરેના રોગોમાં ઉપયોગી છે.

(ડ) ગોબર (છાણ) : ગોમૂત્ર જેટલું તે પણ ઉપયોગી

છે. વાતાવરણની શુદ્ધિ કરે છે. રેડીએશનની આડ અસરો કાબૂમાં રાખે છે. શુદ્ધિ કરે છે. ખાતર તરીકે તે શ્રેષ્ઠ કક્ષાનાં ધાન્ય, ફળો અનો શાકભાજી ઉત્પન્ન કરે છે. (એસ.આઈ.આર. સંસ્થાએ 'અમૃત પાણી' નામની પ્રોડક્ટ યુ.એસ. પેટન્ટ માટે ફાઈલ કરી છે. તેમાં ગોમય (છાણ), ગોમૂત્ર અને ગોબરનું મિશ્રણ છે. તે જમીનની ગુણવત્તા સુધારે છે. આથી પાક વધુ મળે છે.

ગાયનું દૂધ, માખણ, ઘી અને છાશ અમૃત જેવાં છે. ગાયના દૂધમાંથી બનેલ શુદ્ધ ઘી ગાયના છાણના સળગતા છાણાં પર નાંખતાં ધુમાડો બનાવે છે. વાતાવરણના ઝેરી ગેસ દૂર કરે છે. એક ચમચા જેટલું ઘી સળગતા છાણાં પર નાંખતાં એક ટન શુદ્ધ હવા ઉત્પન્ન થાય છે ગાય એક માત્ર એવું પ્રાણી છે જે પીપળા અને તુલસીના વૃક્ષની જેમ હવા શુદ્ધિકરણનું કાર્ય કરે છે.

(૨) આધ્યાત્મિક માહાત્મ્ય : ભારતીય સંસ્કૃતિમાં ગાયનું સ્થાન ખાસ છે. ૩૩ લાખ દેવાતઓ ગાયમાં વસે

છે. જે ઓછું લે પણ અનેક ઘણું આપે તે દેવ ગણાય છે. ગાય પણ આ રીતે દેવતા સમાન છે. ભારતના લોકોને ગાય માટે દૃઢ શ્રદ્ધા છે. સમર્પણ છે. ભારતીય જીવન અને અર્થતંત્રમાં ગાયનું સ્થાન આગવું છે. ગૌ સેવાથી સમૃદ્ધિ મળે છે. ધર્મનું પાલન થાય છે. આનંદ મળે છે.

ભૂતકાળમાં ખેડૂતો તેમની પાસેની ગાયોથી રાજા ગણાતા. વ્રજમાં નંદ, ઉપનંદ, વૃષભાન વગેરે સ્ટેટસ (મરતબો) રૂપે હતા. ગાયની સંખ્યાથી તે નક્કી થતું. શ્રીવૃષભાનજી પાસે નંદજી કરતાં ગાયો વધુ હતી. આથી વિવાહના પદમાં યશોદાજી કહે છે - ‘અપને લાલ કો બ્યાહ કરૂંગી બડે ગોપ કી બેટી’.

વિશ્વમાં ગાયનું સ્થાન પ્રાયઃ માતા તરીકે છે. બાળકના જન્મ પછી મા બનતી સ્ત્રી એક કે બે વર્ષ દૂધ આપે છે. ગાય માતા સમગ્ર જીવન દરમ્યાન અમૃત જેવું દૂધ દે છે. અમેરિકા અને યુરોપમાં ગાય વિપુલ પ્રમાણમાં છે.

શિવજીના મંદિરમાં એક શ્યામ ગાય હોય છે. તે નંદી

તરીકે પ્રાયઃ ઓળખાય છે. શિવજીના નંદી સાથે દર્શન કરતાં જન્માક્ષરમાં નડતા ગ્રહોની અસર દૂર થાય છે.

ગાયની ઘૂંટીનાં દર્શન એકાએક થતાં મૃત્યુને રોકે છે.

ગાયની પરિક્રમા સઘળા તીર્થોની પરિક્રમા કર્યા બરાબર છે. ગાયના શિંગડાં અને ખૂંધ બે પારવફૂલ પીરામીડ છે. આના દ્વારા સૂર્ય અને તારાઓની શક્તિ ગાયના દૂધ અને દહીં દ્વારા આપણાને મળે છે. ગાય બાંધી હોય ત્યાં વાસ્તુ સંબંધી કોઈ આડ અસરો બનતી નથી. ગાયને રોટલી અને ગોળ ખવડાવવાની સેવાથી ગ્રહોની આડઅસરો દૂર થાય છે.

શ્રીભાગવત વગેરે શાસ્ત્રોનું અધ્યયન જણાવે છે કે પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરે છે. ધર્મ બળદનું રૂપ લે છે. બળદ ગૌવંશજ છે. શ્રીભાગવતના દસમ સ્કન્ધમાં જોવા મળે છે કે કેટલાક પ્રસંગોએ વ્રજભક્તો શ્રીબાલકૃષ્ણના અમંગળની નિવૃત્તિ માટે ગાયના પૂચ્છને લાલાની આજુબાજુ ગોળ ફેરવે છે.

આધિદૈવિક માહાત્મ્ય : મારા મત મુજબ 'ગાયનું કીર્તનમાં સ્થાન' તેનું આધિદૈવ માહાત્મ્ય છે. શરૂઆતમાં જોયું કે મધુરાષ્ટકમ્, સાધનદીપિકા અને મંગલમંગલમ્માં ક્રમશઃ શ્રીવલ્લભ, શ્રીગોપીનાથ ચરણો તથા શ્રીપ્રભુચરણોએ ગાયના મહત્ત્વને ઘૂંટ્યું છે જે અષ્ટછાપની વાણીમાં રંગ લાવે છે.

અષ્ટછાપના એક પદમાં કહ્યું છે નંદબાવાના ત્યાં નવ લાખ ગાયો હતી. શ્રીકૃષ્ણનું જીવન હવે ગાય વગર સંભવી શકે ? લાલો ગાય ચરાવવા જાય ત્યારે મા લાલાને ચરણમાં પનૈયા ધરવા કહે છે. આથી કાંટા, પત્થરનો શ્રમ ન થાય. ગોપાલ અને ગોવિંદ નામ સાર્થક કરતાં લાલો જવાબ આપે છે કે મા મારી નવ લાખ ગાયના પગમાં પનૈયા બાંધ પછી હું પગરખાં પહેરું. આમ કીર્તનમાં આવતા ગોપાલ અને ગોવિંદ શબ્દો ગાયની શુદ્ધિ કરાવે છે, પછી ભલે તે પદમાં 'ગાય' શબ્દ હોય કે ન હોય.

કૃષ્ણ સેવા, તે માટે ભાવ અને કૃષ્ણ સેવાક્રમ : આ માર્ગમાં સદા કૃષ્ણ સેવા કર્તવ્ય છે. તે માટે ચાર પ્રકારના

ભાવો બતાવ્યા (૧) દાસ્ય (૨) વાત્સલ્ય (૩) સખ્ય (૪) માધુર્ય. સર્વભાવમાં આ બધા ભાવનો સમાવેશ છે. અષ્ટછાપનાં પદોમાં પણ ક્યાંક કોઈક એક ભાવ તો ક્યાંક મિશ્ર ભાવ સંભળાય છે.

કૃષ્ણાસેવાક્રમ સામાન્યતઃ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીનાં પદોથી શરૂ થાય છે. ક્રમશઃ જગાવવા, કલેઉ, યમુનાજી, મંગલભોગ સરાવવો, મંગળા, શૃંગાર ધરવા, શૃંગાર સન્મુખ, ગ્વાલ (વૈષ્ણવોના ઘરમાં નથી), રાજભોગ (છાક) આપે, રાજભોગ સરે, રાજભોગ સન્મુખ, ઉત્થાપન, ભોગ (વૈષ્ણવના ઘરમાં નથી) સંધ્યાર્તિ (આવની) અને શયન એવો સેવાક્રમ છે. તે અનુરૂપ કીર્તનો અષ્ટછાપનાં છે. આ કીર્તનો નિત્ય અને વર્ષોત્સવના પ્રકારોના અસંખ્ય સંખ્યામાં છે. આ બધાનું અવગાહન મારાથી શક્ય ન બન્યું. આથી નિત્યની સેવા સંબંધી પદોના અભ્યાસ પરથી એક તારણ નક્કી કર્યું કે જે કીર્તનોમાં 'ગાય' શબ્દ આવતો હોય તે પદો મોટાભાગે વાત્સલ્ય અને સખ્યભાવનાં કીર્તનગાનમાં છે.

વર્ષા તથા વસંત કાલની સેવાક્રમના પદોમાં પણ ગાય છે. જન્માષ્ટમી બાળલીલા, ગોવર્ધનપૂજા, હટરી અને કાન જગાઈમાં વર્ણન છે. વાર્તા સાહિત્ય પ્રમાણે ‘આવત બને કાન્હ ગોપ બાલક સંગ નેચૂકી ખુર રેનુ છુરિત અલકાવલી’ એ શ્રીકૃષ્ણદાસ અધિકારીજી રચિત પદમાં આ પ્રથમ પંક્તિ શ્રીગોવર્ધનાથજીએ જાતે લખી છે.

નિત્યના બધાં પદો પૈકી ‘સૂરજ’ છાપવાળું સૂરદાસજીનું જગાવવાનું પદ ‘જાગિયે ગોપાલ લાલ પ્રગટ ભયો હંસ બાલ’ અને આવની વખતનું છીતસ્વામીજી કૃત ‘આગે ગાય પાછે ગાય, ઈત ગાય ઉત ગાય, ગોવિંદકો ગાયન મેં બસવો હી ભાવે’ નામનું કીર્તન પ્રત્યેક ચરણમાં શ્રીઠાકોરજીનો ગાય સંબંધ દર્શાવતું હોઈ શિરમોર છે તેવી મારી સમજ છે.

આટલા અવગાહનથી પુષ્ટિસ્થ પ્રભુની ઓળખ આપી શકાય કે ‘ગોવિંદકો ગાયનમેં બસવો હી ભાવે’ આ શ્રેષ્ઠ પરિચય છે.

લખાયેલા પુસ્તકો	**ન્યોછાવર** **(પોસ્ટેજ ખર્ચ અલગ)**
૧. શ્રી ગોપીનાથજી	
૨. શ્રી પુરુષોત્તમજી લેખવાલા	અપ્રાપ્ય
૩. વિવેક ધૈર્યાશ્રય (ગુજરાતી-અંગ્રેજી)	અપ્રાપ્ય
૪. કૃષ્ણાશ્રય	અપ્રાપ્ય
૫. સંપ્રદાય અને અધિકાર	૧૫/-
૬. રસોવૈસઃ	૧૫/-
૭. ભક્તિવર્ધિની	૧૫/-
૮. શ્રી ગુસાંઈજી પ્રકટયા ન હોત તો ?	૧૫/-
૯. ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું	૧૫/-
૧૦. અય મન કરલે સહન (સૂરદાસજી)	૧૦/-
૧૧. સિદ્ધાંત મુક્તાવલી	૧૦૦/-
૧૨. કીર્તન અને પુષ્ટિમાર્ગી	૧૫/-

(નોંધ : શ્રીગુસાંઈજી પંચશતાબ્દીના સુઅવસરે સિદ્ધાંત મુક્તાવલી પુસ્તકની ન્યોછાવર રૂા. ૫૦/- + પોસ્ટેજ ખર્ચ)

इन सब महत्त्वपूर्ण कार्यों के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

(शेष अंदर के पन्ने पर)